## ડાયરેક્ટ ❤ સે

બોર ખાઈને જે ઠળિયાને નકામો ગણીને ફેંકી દઈએ છીએ, એમાં હજારો બોર પેદા કરવાની તાકાત હોય છે. એટલે સંબંધ કોઈપણ હોય, મતલબ નીકળી ગયા પછી એને નકામો ન સમજવો.

## જન્મદિને વધામણી




છવિ ઉજ્જવલ વૈશ્યક
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



તુલસી
અજયકુમાર ઠાકોર

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આત્મન્ ફાઉન્ડેશન દ્વારા દિવાળીની સેવાસહ ઉજવણી






ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગરની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા આત્મન્ ફાઉન્ડેશન દ્વારા છેલ્લાં ૨૫ વર્ષથી નિયમિત રીતે દિવાળી-નૂતન વર્ષ નિમિત્તે તકવંચિત, સરકારી શાળામાં અભ્યાસ કરતાં શ્રમજીવી પરિવારનાં બાળકોને નવાં કપડાં, મીઠાઈ-નમકીન, ફટાકડા વગેરેનું વિતરણ કરવામાં આવે છે.

આ ક્રમ સંસ્થા દ્વારા આ વર્ષે પણ જાળવવામાં આવ્યો હતો અને દિવાળીના દિવસે સેક્ટર-૧૩ના જાહેર ઉદ્યાનમાં આ વસ્તુઓના વિતરણનો ઉપક્રમ યોજયો હતો. સંસ્થાના સહયોગીઓના હસ્તે ૧૨૫ ઉપરાંત બાળકોને નવાં કપડાં, મીઠાઈ, નમકીન, બિસ્કીટ, ફટાકડા અર્પણ કરવામાં આવ્યા હતા. અન્ય બે વિશિષ્ટ બાળકોની સંસ્થાની મુલાકાત લઈને પણ બાળકોને દિવાળીની શુભેચ્છા સાથે આ ભેટો આપવામાં આવી હતી.

સંસ્થા તરફથી એચ બી વરિયા, ભરત કવિ, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, મિલન સિંધવ, રણછોડભાઈ પરમાર, દિશાન્ત ગર્ગ, શ્રીમાળીભાઈ, પ્રજ્ઞા પટેલ, રોહિણી પરમાર, સવિતાબેન અને કપિલાબેન માછી, રાજુ, નરેશ આ સેવાકાર્યમાં જોડાયા હતા. સેક્ટર-૧૩ શ્રમજીવી વસાહતનાં બાળકોએ પ્રાર્થના, ગીત, કાવ્યપાઠની સુંદર રજૂઆત કરી હતી. સંસ્થાના વડીલોએ બાળકોને સ્વચ્છતા, સારા અભ્યાસ માટે અભિપ્રેરિત કર્યા હતાં અને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

### ગાંધીનગરના તસવીરકાર

# નિકુંજ વૈશ્યકની તસવીરોનું પ્રદર્શન આજથી પાલનપુરમાં







ગાંધીનગર, તા. ૧૫
ગાંધીનગરના તસવીરકાર નિકુંજ વૈશ્યક દ્વારા ગત ઑગષ્ટમાં અમદાવાદ, ઑક્ટોબરમાં રાજસ્થાન-ઉદેપુર ખાતે ગુજરાતનાં ધાર્મિક, ઐતિહાસિક સ્થળોને લઈ ગુજરાત સરકારની સહાયથી તસવીર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં ૧૧ જિલ્લાની ૪૫ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રદર્શનને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં મંગલમ શૈક્ષણિક સંકુલમાં તા. ૧૬ નવેમ્બરથી ૧૮ નવેમ્બર દરમિયાન આ તસવીર પ્રદર્શન યોજવામાં આવી રહ્યું છે. સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસિયા દ્વારા ૧૬ નવેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે દિપ પ્રાગટ્ય કરી આ પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવશે. આ અનોખું તસવીર પ્રદર્શન જાહેર જનતા માટે નિઃશુલ્ક રાખવામાં આવ્યું છે. રસ ધરાવતા સૌ નાગરિકોને તેનો લાભ લેવા સંસ્થા, તસવીરકાર તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### રાજ્ય સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી

# સીપીએસમાં ૧૪ ઑગષ્ટ સુધી પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને એનઓસી આપવામાં આવશે

## કેન્દ્રના પગલે ગુજરાત મેડિકલ કાઉન્સિલે પણ સીપીએસમાંથી પીજી ડિપ્લોમા કરનારા ઉમેદવારોને માન્યતાનો ઈનકાર કર્યો હતો

ગાંધીનગર, તા. ૧૫
કોલેજ ઓફ ફિઝિશિયન એન્ડ સર્જન (સીપીએસ) મુંબઈમાંથી પી.જી. ડિપ્લોના જુદા જુદા કોર્સ પૈકી માત્ર ગણતરીના કોર્સને જ માન્ય કરવાનું નક્કી કરાયું હતું. ગુજરાત મેડિકલ કાઉન્સિલે પણ આ પ્રમાણે નિર્ણય કરીને અમુક કોર્સને માન્ય કરીને બાકીના કોર્સને અમાન્ય કર્યા હતા. આ મુદ્દે વિવાદ ઊભો થાય તેવી સ્થિતિ ઊભી થતાં તાજેતરમાં રાજ્ય સરકારે તા.૧૪મી ઓગસ્ટ સુધીમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને એનઓસી આપવાની જાહેરાત કરી છે. આ તારીખ પછી પી.જી. ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ લેનારાઓને માન્યતા આપવામાં આવશે નહીં.

કોલેજ ઓફ ફિઝિશિયન એન્ડ સર્જન (સીપીએસ) મુંબઈ દ્વારા જુદા જુદા પ્રકારના પી.જી. મેડિકલ ડિપ્લોમા કોર્સ ચલાવવામાં આવે છે. આ કોર્સ પૈકી ગાયનેક, પીડિયાટ્રીક અને પેથોલોજી સિવાયના સાત ફેલોશીપ કોર્સ સહિત કુલ ૧૦ કોર્સને મંજૂરી અપાઈ હતી. આ સિવાયના કોઈપણ કોર્સને મંજૂરી અપાઈ નહોતી. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અનુસંધાનમાં ગુજરાત મેડિકલ કાઉન્સિલ (જીએમસી)એ પણ આ ૧૦ કોર્સ સિવાયના કોઈપણ કોર્સને મંજૂરી આપી ન હતી. સૂત્રો કહે છે હાલમાં આ પ્રકારના કોર્સમાં અનેક વિદ્યાર્થી પ્રવેશ લઈને અભ્યાસ કરી રહ્યા છે.

વિદ્યાર્થીઓની રજૂઆતના પગલે રાજય સરકાર દ્વારા તાજેતરમાં એવી સ્પષ્ટતા કરી છે કે આ ૧૦ પ્રકારના કોર્સમાં પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓ પૈકી જેઓએ તા. ૧૪મી ઓગસ્ટ સુધીમાં પ્રવેશ લીધો હશે તેમને અભ્યાસ પૂર્ણ થયા બાદ ના વાંધા પ્રમાણપત્ર અપાશે. આ રીતે જે ઉમેદવારોએ આ સમયમર્યાદામાં પ્રવેશ લઈ લીધો છે તેમની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

### રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા

# ધો. ૭, ૮ની વિદ્યાર્થિનીઓને માસિક ધર્મ અંગે હવે સ્કૂલમાં જ માર્ગદર્શન આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૫
માસિક ધર્મને લઈને હજુ પણ સમાજમાં ખૂલીને વાત થતી નથી. જેના પગલે માસિક ધર્મને લઈને ઘણી અંધશ્રદ્ધા ફેલાઈ છે. ઉપરાંત, યોગ્ય સંવાદના અભાવથી કિશોરીઓમાં માસિક ધર્મને લઈને સમજણનો પણ અભાવ જોવા મળે છે. જેના પગલે હવે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓ માસિક ધર્મ અંગે જાગૃત થાય અને સમાજમાં ફેલાયેલી અંધશ્રદ્ધા દૂર થાય તે માટે શાળાઓમાં ધો.૭ અને ૮ની વિદ્યાર્થિનીઓને માસિક ધર્મ અંગે માર્ગદર્શન અપાશે. આ માટે એક સામાજિક સંસ્થાના મહિલા કાર્યકરો દ્વારા શાળાઓમાં જઈને વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપશે. આ સમયે વિદ્યાર્થિનીઓ સાથે તેમની માતાને પણ હાજર રાખવા માટે સૂચના અપાઈ છે. .

આ મુદ્દે સ્ટેટ પ્રોજેક્ટ કચેરીએ રાજયના પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીઓને પરિપત્ર કરી તેમના જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓની વિદ્યાર્થિનીઓ માટે માસિક ધર્મને લઈને માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવા સૂચના આપી છે. રાજયની પ્રાથમિક શાળાઓની ધો.૭ અને ૮ની વિદ્યાર્થિનીઓને માસિક ધર્મ અંગે માર્ગદર્શન અપાશે. જેમાં માસિક ધર્મ વખતે રાખવાની સ્વચ્છતા તેમજ તે સમયે ધ્યાનમાં રાખવા જેવી બાબતો અંગે સામાજિક સંસ્થા દ્વારા માર્ગદર્શન અપાશે. પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતી ધો.૭ અને ૮ની વિદ્યાર્થિનીઓને માસિક ધર્મ અંગે માર્ગદર્શન આપવા માટે સંસ્થાના મહિલા કાર્યકરો આવશે. આ સમયે સ્કૂલમાં અલગ રૂમની વ્યવસ્થા કરવાની રહેશે. જ્યાં વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન અપાશે. આ સમયે વિદ્યાર્થિનીઓ સાથે તેમની માતાઓને પણ હાજર રાખવા તાકીદ કરાઈ છે. આ કામગીરી વખતે શાળાઓએ સંસ્થાને પૂરો સહકાર આપવાનો રહેશે તેવી પણ તાકીદ પરિપત્રમાં કરવામાં આવી છે. આમ, માસિક ધર્મ અંગે લોકોમાં હજુ જોઈએ તેટલી જાગૃતતા ન હોવાના લીધે શાળાઓમાં માર્ગદર્શન આપવા માટેનો નિર્ણય લેવાયો છે. હાલ પણ ગામડાઓમાં માસિક ધર્મ અંગે જોઈએ તેટલી ચર્ચાઓ થતી નથી અને તેના લીધે કિશોરીઓ જ્યારે પ્રથમ વખત માસિક ધર્મમાં આવતી હોય છે ત્યારે ગભરાઈ જતી હોય છે. મોટાભાગે સ્કૂલમાં જ વિદ્યાર્થિનીઓને આ અંગેની સમજણ મળી રહે તો તેમને ખૂબ જ મદદ મળી રહે તેમ હોવાનું જણાતા સ્કૂલમાં જ માર્ગદર્શન આપવામાં આવશે.

# વૌઠાના મેળામાં શિક્ષકો ખાણીપીણીના સ્ટોલ લગાવશે અને નફામાંથી અનાથ બાળકોને હવાઈ યાત્રા કરાવશે

ગાંધીનગર, તા. ૧૫
ધોળકા તાલુકા ખાતે પ્રસિધ્ધ વૌઠાના મેળામાં આ વખતે ધોળકા તાલુકાના પ્રાથમિક શિક્ષકો સ્ટોલ લગાવશે. કુલ ચાર જેટલા સ્ટોલમાંથી જે આવક થશે તે અનાથ બાળકો પાછળ ખર્ચ કરાશે. જેમાં ધોળકા તાલુકાની સરકારી સ્કૂલોમાં અભ્યાસ કરતા ૬૦ જેટલા અનાથ બાળકોને દિલ્હી-મુંબઈ હવાઈ મુસાફરી કરવાવાનું નક્કી કરાયું છે. આમ, ધોળકા તાલુકાના શિક્ષકો અનાથ બાળકો માટે ૨૪ કલાક સ્ટોલ પર ખાણીપીણીની વસ્તુઓનું વેચાણ કરશે.

ધોળકાના વૌઠામાં ૧૯થી ૨૩ નવેમ્બર દરમિયાન પાંચ દિવસ માટે પ્રસિધ્ધ મેળો યોજાનાર છે. આ મેળામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના માર્ગદર્શન હેઠળ ધોળકા તાલુકાના પ્રાથમિક શિક્ષકો ખાણીપીણીનો સ્ટોલ લગાવશે. જેમાં ૨૪ કલાક ચાલતા આ મેળામાં બે શિફ્ટમાં શિક્ષકો કામગીરી કરી ખાણીપીણીની વસ્તુઓનું વેચાણ કરશે. વૌઠા ખાતે યોજાનારા મેળામાં કુલ ચાર સ્ટોલમાં ખીચું, ભૂંગળા-બટાટા, અમેરિકન મકાઈ, આઈસક્રીમ, જીરા સોડા, પાણીની બોટલોનું વેચાણ કરવામાં આવશે. આ વેચાણ થકી જે આવક થશે તે આવક અનાથ વિદ્યાર્થીઓ પાછળ વાપરવાનું નક્કી કરાયું છે. ધોળકા તાલુકાની સરકારી પ્રાથમિક સ્કૂલોમાં ભણતા ૬૦ જેટલા અનાથ વિદ્યાર્થીઓને મેળાના સ્ટોલમાંથી થનારી આવકમાંથી મુંબઈ તથા દિલ્હીની હવાઈ મુસાફરી કરાવી શૈક્ષણિક પ્રવાસનો લાભ આપવામાં આવશે.

### ગુજરાત યુનિવર્સિટીના

# પદવીદાન માટે ફોર્મ ભરવાની મુદત લંબાવાઈ

## વેબસાઈટ બંધ હોવાને કારણે અનેક વિદ્યાર્થીઓ ફોર્મ ન ભરી શક્યા હોવાની રાવ ૧૫મી નવેમ્બર સુધીની મુદત હતી, જે વધારીને ૨૦મી નવેમ્બર કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૫
ગુજરાત યુનિવર્સિટી દ્વારા આગામી દિવસોમાં યોજાનારા પદવીદાન સમારંભ માટે વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા માટે તા.૧૫મી નવેમ્બર સુધીની મુદત આપવામાં આવી હતી. આ સમયમર્યાદા આજે પૂર્ણ થઈ રહી છે. બીજીબાજુ છેલ્લા એક સપ્તાહથી પદવીદાન સમારંભ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની વેબસાઈટ જ બંધ હોવાની ફરિયાદ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ કે યુનિવર્સિટીમાં દિવાળીનું વેકેશન પૂર્ણ થયા પછી પણ વેબસાઈટ ચાલુ થઈ શકી નથી. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓની રજૂઆત બાદ આગામી પાંચ દિવસ વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

યુનિવર્સિટીના પદવીદાન સમારંભ માટે વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવાની સૂચના આપવામાં આવી હતી. દિવાળીના વેકેશનમાં વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરવા પ્રયાસ કર્યો તો વેબસાઈટ જ બંધ હતી. આ મુદ્દે એનએસયુઆઈએ જે તે સમયે રજિસ્ટ્રારને ફરિયાદ કરી હતી. રજિસ્ટ્રારે યોગ્ય કરવાની ખાત્રી આપ્યા પછી પણ વેબસાઈટ ચાલુ થઈ શકી નહોતી. આજથી યુનિવર્સિટીમાં વહીવટી કામકાજ શરૂ થઈ ચૂક્યું છે. આશ્ચર્યની વાત એ કે આમ છતાં પદવીદાનના ફોર્મ ભરવા માટેની વેબસાઈટ ચાલુ થઈ નથી. જેના કારણે ગઈકાલે ફરીવાર વિદ્યાર્થીઓએ આ મુદ્દે રજૂઆત કરતા યુનિવર્સિટી સત્તાધીશોએ પાંચ દિવસની મુદત વધારવાની જાહેરાત કરી દીધી છે. તા.૧૫મી સુધીની મુદત હતી તે વધારીને તા.૨૦મી કરવામાં આવી છે. આમ, યુનિવર્સિટીમાં પદવીદાન સમારંભની મુદત વધારવાનો નિર્ણય મહત્વનો હોવા છતાં રજિસ્ટ્રારને કોઈપણ પ્રકારની જાણકારી આપ્યા વિના નિર્ણય બારોબાર લેવામાં આવ્યો અને તેની સત્તાવાર જાહેરાત પણ કરી દેવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ કે દિવાળીના વેકેશન બાદ હવે યુનિવર્સિટી ચાલુ થઈ ગઈ હોવા છતાં તાકીદે વેબસાઈટ ચાલુ કરવાની તસ્દી સત્તાધીશો દ્વારા લેવામાં આવી નહોતી. જેના કારણે આજે પણ વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડી હતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૨૭મો મણકો ॥

એટલે તો આ કાયદાનો વિરોધ ગાંધીજી કરી રહ્યા છે એમ જણાવી મહિલાઓએ લગ્નની અન્યાયી શરત અંગે પણ જણાવ્યું ને ઉમેર્યું કે આનો વિરોધ કરવા મિસિસ ગાંધી જેલમાં ગયા છે.

આ મજૂરો પૈકી કેટલાકે ગાંધીજીનું નામ સાંભળ્યું હતું એમાંના એકને એ આ વખતે સૂઝી ગયું ને તે બોલી ઊઠ્યો, 'ગાંધી રાજા.' તેમણે ગાંધીજીને આ નામ આપ્યું. મહાત્મા નામ તો બહુ પછીથી આવ્યું. મજૂરોએ જાણ્યું કે ગાંધી રાજાના રાણી આ અન્યાયી કાયદાઓનો વિરોધ કરવા જેલમાં ગયા છે ને એમના ત્રણ કુંવરો અગાઉના સત્યાગ્રહ વખતે જેલમાં ગયા હતા. મજૂરોએ પણ અન્યાયી કાયદાઓના વિરોધ માટે કંઈક કરવાનું નક્કી કર્યું. એ લોકો શું કરી શકે એમ હતા ? એટલે એમણે હડતાલ પાડી. કામ કરવાનું બંધ કર્યું. અને પછી જે થવાનું હતું તે જ થયું. કામ બંધ કર્યું એટલે એમના ઘરની વીજળી કપાઈ. એ પછીય એ ન માન્યા એટલે પાણી કપાયું. પછીય ન માન્યા એટલે એમની ખોલીમાંથી સામાન બહાર ફેંકીને એમને બેઘર કરી દેવામાં આવ્યા. એટલે આ મજૂરોએ તો પોતાનો સામાન ભર્યો કોથળામાં ને કોથળો ઉપાડીને ઉપડ્યા. કહ્યું, 'ગાંધી રાજા પાસે જવું છે.'




આમ ખાણમાં કામ કરતાં મજૂરો ને ગિરમિટીયાઓ ગાંધીજી પાસે આવવા લાગ્યા, વધુ ને વધુ લોકો એમની સાથે જોડાવા લાગ્યા. ગાંધીજીને સમર્થનનો આનંદ હતો પણ એથીય વધુ તો ચિંતા હતી. અને એ ચિંતા હતી સફાઈની ચિંતા. ગાંધીજી તો ઈંગ્લેન્ડમાં શિસ્ત શીખેલા માણસ. આટલા બધા માણસો એક જગ્યાએ ભેગા થશે તો સ્વચ્છતા કેવી રીતે જળવાશે ? એ ચિંતા એમને સતાવતી. એટલે 'સાધૂ તો ચલતા ભલા' એ નાતે તેમણે ચાલતાં રહેવાનું મુનાસિબ માન્યું. આ સતત ચાલતાં રહેવું એ જ પછી કૂચની ટેવમાં પરિણમ્યું.

આમ, અહિંસક આંદોલન માટેની કૂચ એ સ્વચ્છતા માટે આપણી ટેવના અભાવમાંથી જન્મી.

'ઈન્ડિયન ઓપિનિયન'માં ગાંધીજીએ આ કૂચ કરનારા સત્યાગ્રહીઓ માટે શાંતિ સેના (ૈિંઙ્ઘી છઙ્ઘિઅ) શબ્દ વાપર્યો હતો. અને સેના ગણી હતી તો સેનાને શિસ્ત તો હોય જ. એમણે આ શિસ્તના ચાર નિયમો પણ બનાવ્યા હતા.

૧) સડક પર એક બાજુએ ચાલવું, કોઈને અગવડરૂપ થવું નહીં.

ત્યારે તો દક્ષિણ આફ્રિકાના રસ્તાઓની આસપાસ ફળોનાં વૃક્ષો ઊભાં હતાં, તેથી બીજો નિયમ એ બનાવ્યો કે,


૨) રસ્તાની આસપાસ ઊભેલાં વૃક્ષોનાં ફળ તોડવાં નહીં કે પાંદડા તોડવાં નહીં. ત્રીજો નિયમ -

૩) સત્યાગ્રહનો વિરોધ પણ થશે, કોઈ માર પણ મારશે ને કોઈ કાંકરા પણ મારશે. પણ આપણે મારનો જવાબ મારથી ને કાંકરાનો જવાબ કાંકરાથી આપવો નહીં.

ગાંધીજીએ ૧૮૭૩-૭૪માં ગોખલેજી સાથે આંદોલનમાં ભાગ લીધો હતો. ત્યારે તેમનું સૂત્ર પણ આવું જ હતું, 'હમલા ચાહે જૈસા હોગા, હાથ હમારા નહીં ઊઠેગા.' અહિંસા વિશેનો તેમનો આગ્રહ જૂનો હતો.

શાંતિ સેનાનો ચોથો નિયમ હતો : જ્યાં રાત પડે ત્યાં સૂવું.

આ નિયમમાં પહેલી જ રાતે તકલીફ આવી. પહેલી રાતે કૂચ જ્યાં પહોંચી ત્યાં તો વગડો હતો. સૂવું ક્યાં ? પણ ગાંધીજીએ જ આનો ઉપાય બતાવ્યો. એક ઘાસિયું હતું એની પર પોતે જ લંબાવ્યું. અને એ સૂતા એટલે બાકી બધાય સૂવા માંડ્યા. આમ એ સમસ્યા ટળી.



પછીથી દક્ષિણ આફ્રિકાના નજરેથ કુટુંબે એમને પોતાના આંગણામાં રસોડું કરવા માટે સગવડ કરી આપી હતી. નજરેથ પણ ગિરમિટીયા તરીકે દક્ષિણ આફ્રિકામાં આવ્યા હતા ને ગિરમિટનો સમયગાળો પૂર્ણ થતાં તેમાંથી છૂટીને હવે થોડા સંપન્ન થયા હતા. તેમણે સત્યાગ્રહીઓને સહાય કરી.

રસોડું તો મળ્યું, પણ સૌથી મોટી સમસ્યા રસોઈની હતી. કારણ એવું કે રસોઈ બની હોય ૨૦૦ જણાની પણ અચાનક એમાં ૧૦૦ બીજા ભળે તો ? તો દાળમાં પાણી ચાલે નહીં. અને બધાને રસોઈ પૂરી કેમ પડે ?

આ સમસ્યાનો હલ પણ ગાંધીજી આપ્યો. તેમણે કહ્યું, 'પિરસવાની જવાબદારી મારી.' રસોઈ ઓછી ભલે હોય, પણ પિરસનારાનો હાથ ટૂંકો રહે તો પહોંચી રહે એ નાતે તેમણે પિરસવાનું પોતે સ્વીકાર્યું.

એ પછી જે ઘટના છે તેનું વર્ણન ના તો આત્મકથામાં છે કે ના તો દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઈતિહાસમાં છે. પણ એ વખતે ઈન્ડિયન ઓપિનિયનનો એક ખાસ અંક ગાંધીજીએ બહાર પાડ્યો હતો એમાં તેમણે આ સત્યાગ્રહની જે વાત લખી એમાં આ પ્રસંગનું વર્ણન છે.

અદભૂત પ્રસંગ !

જમવાનો સમય છે. બધા સત્યાગ્રહીઓ લાઈનમાં ઊભા છે. એક મોટા તપેલામાં ખિચડી છે, જે પિરસવા માટે લાકડાનો હાથેક મોટો ચમચો ગાંધીજીએ બનાવ્યો હતો. આમ તો દરેક સત્યાગ્રહીને ભોજન માટે એક પાંઉ એટલે આખી એક લોફ અને એક અંશ દાળ આપવી એમ જ નક્કી કર્યું હતું. પણ પછી ભારતીય વેપારીઓએ સત્યાગ્રહને સહાય શરૂ કરી ને એ કારણે ચોખા આવ્યા, દાળ આવી ને શાક પણ આવ્યું. એ કારણે પછી ખિચડી બનાવવાનું શરૂ કર્યું. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ